## @ગાંધીનગર

● બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મભવન સોમનાથ મહાદેવ મંદિર, સે-૧૬ ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે ‘રઢિયાળી રાત’ ગરબા કાર્યક્રમ રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે.

● શ્રી રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા રાજપૂત સમાજના ભાઈ-બહેનો માટે ગરબાનો કાર્યક્રમ રાત્રે ૯.૦૦ કલાકે શિવાલય પાર્ટી પ્લોટ ક-૭ ગાંધીનગર ખાતે યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા ગ્રંથ વિમોચન સમારોહ સાંજે ૫.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે-૧૭ ખાતે યોજાશે.

● માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે સાંજે ૬ થી ૧૦ દરમિયાન રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● જયોતિબેન એસ. દત્તા પ્લોટ નં. ૧૦૧/૨, ઓમકારેશ્વર મહાદેવ મંદિર સામે બપોરે ૨.૩૦ કલાકે દર્શના ઉપાધ્યાયના કંઠે આનંદનો ગરબો યોજાશે.

● શહેરની સેંટ ઝેવિયર્સ સ્કૂલ સે-૮ ખાતે ટેક્ષા-જી દ્વારા ‘રઢીયાળી રાત’ રાસ ગરબાનો કાર્યક્રમ સાંજે ૬.૦૦ કલાકે યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે શરદપૂર્ણિમા રમઝટ-૨૦૧૬ સાંજે ૭.૦૦ કલાકે યોજાશે.

● સે-૬-બીના ૮૧ ચો.મી. પ્લોટના નવરાત્રિ ચોકમાં રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

# દિવાળીની ખરીદી માટે ઘ-માર્ગ પર વધુ એક વિકલ્પ

**સે-૧૭ની ફુટપાથ પાસે વન વિભાગની ફેન્સીંગના આધારે વિકસેલ નવું ગારેન્ટ બજાર મીના બજારનો વિકલ્પ બની રહ્યું છે**
**કેટલાક નગરજનો તેને તંત્રની રહેમનજર હેઠળ વધી રહેલા વધુ એક દબાણ તરીકે પણ જોઈ રહ્યા છે**

ગાંધીનગર, તા.૧૪

નવરાત્રીના સમાપન બાદ શહેરમાં દિવાળીની તૈયારીઓનો પ્રારંભ થઈ ગયો હોવાનું જણાઈ આવે છે. દિવાળીનો તહેવાર ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો તહેવાર હોઈ તેનું અનેરું મહત્વ છે. આ તહેવાર હર્ષોલ્લાસથી ઉજવવા નગરજનોએ કપડા-લત્તા સહિતની ખરીદીનો પ્રારંભ કરી દીધો છે. આ વર્ષે શહેરીજનોને વધુ એક બજારનો વિકલ્પ મળ્યો છે. આ બજાર ખૂબ ઝડપથી વિકસ્યું છે. ગાંધીનગરના ઘ-૪ થી ઘ-૫ તરફના માર્ગે સે-૧૭ની ફુટપાથ પાસે વિકેસલા આ નવા બજારમાં વિવિધ રેડીમેડ કપડાંની ખરીદી માટે ગ્રાહકો આકર્ષિત થઈ રહ્યા છે.

શહેરમાં કિફાયતી ભાવના બજાર માટે મીના બજાર એક માત્ર વિકલ્પ હતો પરંતુ હવે સે-૧૬ના કોમર્શિયલ વિસ્તારની સામે જ ઘ માર્ગ પર વિકસેલ નવા બજારે શહેરીજનો માટે દિવાળીની ખરીદીમાં વધુ એક વિકલ્પ ઉભો કર્યો છે. સે-૧૭ની ફુટપાથ પાસે વન વિભાગની ફેન્સિગના આધારે વિકસેલ આ પાથરણાં બજારમાં હાલ તો રેડીમેડ ગારમેન્ટનું બજાર ઉભુ થવા પામ્યું છે. અહીં વિવિધ રેડીમેડ વસ્ત્રો જેવા કે કેપ્રી-ટી શર્ટ, જીન્સ, સલવાર-કમીઝ, કુર્તી-પાયજામા, લેગીંગ્સ, નાઈટવેર, ગાઉન, શર્ટ તથા હોઝીયરીની આઈટમો મળી રહી છે. આ બજાર વિકસવાના કારણે શહેરીજનોને ખાસ કરીને સે-૨૨, ૨૩, ૨૪, ૧૫, ૧૬, ૧૭, ૧૨ તથા ૧૩ વગેરેના રહીશો માટે કિફાયતી ખરીદી માટે હવે છેક



મીના બજાર સુધી લાંબા થવું પડતું નથી. વળી આ બજારની સામે જ સે-૧૬નો કોમર્શિયલ વિસ્તાર છે જયાં શહેરની લગભગ બધી જ બેંકો, પાટનગર યોજના ભવન, ખાદી ગ્રામોદ્યોગ, પેટ્રોલ પંપ, હોટેલ્સ અને ફુડકોર્ટ તથા તિબેટિયન માર્કેટ આવ્યા હોઈ ગ્રાહકોને રેડીમેડ ગારમેન્ટ માટેનો વિકલ્પ પણ નજીકમાં જ મળી રહેતા આકર્ષણનું કેન્દ્ર બનતું જાય છે.

ફૂટપાથની બાજુમાં વન વિભાગની ફેન્સિંગનો આધાર લઈ વિકસેલ આ બજાર આમ તો ગેરકાયદેસર દબાણ જ હોઈ કેટલાકની નજરે વધુ એક દબાણ તંત્રની રહેમનજર હેઠળ વિકસી રહ્યું હોવાનું જણાય છે. અત્યાર સુધીના ઈતિહાસ મુજબ જે દબાણને પ્રારંભથી જ હટાવવામાં નથી આવતા તે અંતે કાયમી થઈ તંત્ર માટે માથાનો દુઃખાવો બની જાય છે. આનું જીવતું જાગતું ઉદાહરણ ઘ-૫ની ફુટકોર્ટ છે જે બનાવ્યા પછી પણ દબાણનો પ્રશ્ન તો યથાવત જ રહ્યો છે. આ કારણે કેટલાક નગરજનોના મતે આ નવા વિકસી રહેલા દબાણને સત્વરે તંત્ર એ અટકાવવું જોઈએ. જો કે હાલ તો શહેરીજનો માટે આ બજાર નવા વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે તે હકીકત છે.

## વાતવાતમાં

● ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શુક્રવારે એચએસસી વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩ની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ ૧૩૯૫૮૨ નોંધાયેલા પરીક્ષાર્થીઓ પૈકી ૧૧૯૦ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહેતા કુલ ૧૩૮૩૯૨ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા બનાવેલા ગેટની બરાબર સામે જ એક મસ મોટો ખાડો પડવા પામ્યો છે. આ ખાડાને કારણે વાહન લઈને સિવિલ હોસ્પિટલ આવતા દર્દીઓ તથા તેમના સગા પરેશાનીનો ભોગ બની રહ્યા છે જેથી સત્વરે ખાડાને પૂરવા માંગ ઉઠવા પામી છે.

● ગાંધીનગરના પીઆઈ આશુતોષ પરમાર એક કેસમાં આરોપીની તપાસ અર્થે લંડન ગયા છે. તેઓ કેસની એસઆઈટીના સભ્ય હોવાને નાતે આ તપાસમાં ટીમ સાથે તપાસ અર્થે ગયા છે.

# ગ્રામભારતી અમરાપુર ખાતે બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા યોજાઈ

**નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજવામાં આવી**
**કુલ ૫૨ પ્રોજેકટમાંથી ૧૦ પ્રોજેકટ રાજયકક્ષા માટે પસંદ કરાયા**





ગાંધીનગર, તા.૧૪

ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા તા. ૧૩મી ઓકટોબરે માણસા તાલુકાના ગ્રામ ભારતી અમરાપુર ખાતે ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય ખાતે યોજવામાં આવી હતી.

વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે રૂચિ કેળવાય તેમજ સંશોધનવૃત્તિ વિકસે તે હેતુથી યોજાયેલ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સંચાલિત બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધામાં મુખ્ય મહેમાન પદે ગ્રામભારતી અમરાપુરના મુખ્ય નિયામક અમૃતભાઈ પટેલ, વન વિભાગના મદદનીશ વન સંરક્ષક હેમંતભાઈ સુથાર, ગ્રામ શાળાના આચાર્યા રમીલાબેન ચૌધરી, નેશનલ ઈનોવશન સેન્ટરના કોઓર્ડિનેટર હરદેવભાઈ, ઉ.બુ.કન્યા વિદ્યાલયના આચાર્યા અંજનાબેન ચૌધરી તેમજ નિસર્ગ સાયન્સના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ કોમ્પિટીશન અંગે માહિતી પુરી પાડી હતી. અમૃતભાઈ પટેલે વિદ્યાર્થીઓને ગ્રામભારતી સંસ્થામાં ચાલતા નેશનલ ઈનોવેશન સેન્ટર અંગે માહિતી આપી હતી. આ વર્ષની સ્પર્ધાનો વિષય ‘ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી અને નવીનીકરણ’ રાખવામાં આવ્યો છે તેમજ તેના આઠ ગૌણ વિષયો આધારિત પ્રોજેકટ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયા હતા. વિદ્યાર્થીઓએ કુલ ૫૨ પ્રોજેકટ રજુ કર્યા હતા જેમાંથી ૧૦ પ્રોજેકટની પસંદગી કરવામાં આવી હતી.

સ્પર્ધામાં આલાપ પંડિત, રમણભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, વસંતભાઈ પટેલ વગેરે નિર્ણાયકોએ સેવાઓ આપી હતી. વિદ્યાર્થીનીઓએ ઈનોવેશન સેન્ટરની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રપતિ એવોડ વિજેતા પ્રોજેકટ નિહાળ્યા હતા. સ્પર્ધાના આયોજનમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, વિવેક મકવાણા અને જીતેન્દ્ર ઠાકોરે ભારે જહેમત ઉઠાવી હતી.

**રાજયકક્ષા માટે પસંદગી પામેલ શાળાના પ્રોજેકટ**

(૧) ઉ.બુ. કન્યા વિદ્યાલય, ગ્રામ ભારતી, અમરાપુર (૨) સી.એમ. હાઈસ્કૂલ, સે-૨૩ (૩) આર.એન. પટેલ પ્રા. શાળા, સે-૨૩ (૪) સી.એમ. હાઈસ્કૂલ, સે-૨૩ (૫) સેંટ ઝેવિયર્સ, સે-૮ (૬) જે.એમ. ચૌધરી ઈંગ્લીશ મિડીયમ સે-૭ (૭) જયોતિ વિદ્યાલય, રિદ્રોલ (૮) સ્વામિનારાયણ ગુરુકુળ, સે-૨૩ (૯) સેંટ ઝેવિયર્સ, સે-૮ (૧૦) સેંટ ઝેવિયર્સ, સે-૮.

## રખડતા કુતરાઓનો ત્રાસ દુર કરવા રજુઆત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં રખડતા કુતરાઓનો ત્રાસ ખુબ વધી ગયો છે જેમ રખડતા ઢોરોની સમસ્યાને નાથવા માટે મનપા દ્વારા પગલા લેવામાં આવ્યા છે તેમ રખડતા કુતરાઓના ત્રાસને દુર કરવા રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગરમાં રખડતા ઢોરના ત્રાસને દુર કરવા માટે મહાનગરપાલિકાએ દંડ સહિતની આકરી કાર્યવાહી કરવાની યોજના બનાવી છે જે આવકારદાયક છે. ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ. શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ તેમજ કમિશનર ડી.એમ. મોદીએ શહેરમાં રખડતા ઢોર જોવા ન મળે તે માટે જે નિર્ણય કર્યો છે તે આવકારદાયક છે. ગાંધીનગરના રહેવાસીઓ તેમજ સિનિયર સિટિઝનોએ આ પગલાંને આવકારી અનુરોધ કર્યો છે કે શહેરમાં રખડતા કુતરાઓનો ત્રાસ ખુબ વધી ગયો છે. વહેલી સવારે ચાલવા નીકળતા મોર્નીંગ વોકર્સને અવારનવાર કુતરા કરડે છે આ ઉપરાંત બાળકોને પણ કુતરાઓ અવારનવાર કરડતા હોવાના બનાવો સામે આવે છે. દરેક સેકટરમાં લગભગ બસોથી અઢીસો જેટલા રખડતા કૂતરાઓ જોવા મળી જાય છે. વસાહતીઓને તેના ત્રાસમાંથી છોડાવવા ખુબ જરુરી બન્યા છે.

## સંઘકાયા ફાઉન્ડેશન દ્વારા ૧૬મીએ બૌદ્ધધર્મનો સેમિનાર

ગાંધીનગર, તા.૧૪

વિશ્વમાં જયારે ઠેર ઠેર યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે ત્યારે ગાંધીનગરના આંગણે સંઘકાયા ફાઉન્ડેશન ગાંધીનગર ખાતે ઈન્ટરનેશનલ સેમિનાર બૌદ્ધિઝમ અને તાઓઝમ પર તા. ૧૬મી ઓકટોબર રવિવારે સાંજે ચાર વાગે ઈન્ફોસીટી કલબ એડ રીસોર્ટ ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે.

જેમાં ગુજરાતના બૌદ્ધધર્મનો વારસો વિશ્વ સમક્ષ મુકવાનું કામ કરી રહેલ બૌદ્ધિસ્ટ ભીખ્ખુ ભન્તે પ્રશીલ રત્ન ગૌતમ અને માસ્ટર શંતકાઈ ન્યુયોર્ક યુએસએ તથા મલેશીયાનું બૌદ્ધિષ્ટ પ્રતિનિધિ મંડળ બોદ્ધીઝમ અને તાઓઝમ પર જાણકારી આપશે. ભન્તે પ્રશીલ દ્વારા ઈન્ટરનેશનલ લેવલે બોદ્ધીઝમ અને મેડીટેશન તથા બોદ્ધીઝમની હીસ્ટરી, બૌદ્ધીઝમથી થતા ફાયદા જણાવાશે જયારે તાઓઝમ પર માસ્ટર સંત કો જાણકારી આપશે તો રસ ધરાવતા સમગ્ર ગાંધીનગરના નાગિરકોને આ સેમિનારમાં ભાગ લેવા આમંત્રણ છે.

## શરદપૂર્ણિમાએ લિમ્બચ માતા ધામમાં મહાઆરતી-ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૧૪

શરદપૂર્ણિમા નિમિત્તે તા.૧૬મી ઓકટોબરના રોજ શ્રી લિમ્બચ ધામ સેકટર-૧૩ ખાતે સાંજે સાડા છ વાગે મહાઆરતી કરવામાં આવશે. રાત્રે મંદિરમાં રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે તો ભાવિકોએ ભાગ લેવા માટે શ્રી ભરતભાઈ સુર્યાવાલા ટ્રસ્ટીશ્રી, શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ ગાંધીનગરે જણાવેલ છે.

## છાલા ખાતે મહેદી રોશનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના છાલા ગામે એકમાત્ર વર્ષોની પરંપરા અનુસાર આસ્થાના પ્રતિક સમાન મહોરમ પર્વે મહેંદી રોશન નિમિતે તાજીયા જુલુસના આગલા દિવસે મુસ્લિમ બિરાદરો દ્વારા નેશનલ હાઈવે પર આવેલ હસુદાદા પીરની દરગાહ ખાતે મહેંદી રોશનનો ભવ્ય કાર્યક્રમ ધામધુમપૂર્વક ઉજવાયો હતો. આ અનોખા મહેંદી રોશનના કાર્યક્રમમાં મુસ્લિમ બિરાદરો સાથે હીન્દુ સમાજના ભાઈઓ પણ મોટીસંખ્યામાં શ્રધ્ધાપૂર્વક દર્શનનો લ્હાવો મેળવી ધન્યતા અનુભવી હતી. તાજીયાના આગળના દિવસે રાત્રે હસુદાદાપીરની દરગાહ ખાતે નીકળેલ મહેંદી રોશનથી આખું ગામ ઝગમગી ઉઠ્યું હતું. ૭૦૦ થી વધુ મહેંદી નીકળતા મુસ્લિમ બિરાદરો સાથે હિન્દુ સમાજના નાગરીકો મોટીમાત્રામાં હાજર રહીને મહેંદીમાં તેલ પુરી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા.

## પટેલ સમાજ દ્વારા વિના મૂલ્યે પસંદગી મેળો

અમદાવાદ-બરોડા-સૂરત-રાજકોટ ખાતે આગામી દિવસમાં રાજયમાં વસતા તમામ પાટીદાર પટેલના સંતાનો માટે વિના મૂલ્યે જીવનસાથી પસંદગી મિલન સમારંભ યોજાશે. તેમાં ભાગ લેવા ઈચ્છતા યુવક-યુવતીઓએ કલરફોટો, બાયોડેટા, જન્મ અને અભ્યાસના આધાર સાથે વિગતો તા. ૩૧મી ઓકટોબર સુધી સમાજના કાર્યાલયે માહિતી પહોંચાડવાની રહેશે. રીમેરેજ-છુટાછેડા અંગેના આધાર પુરાવા આપવાના રહેશે. ઉચ્ચ અભ્યાસ, એન.આર.આઈ., ઓછો અભ્યાસ, દિવ્યાંગ યુવક-યુવતીઓ પણ ભાગ લઈ શકશે. આ માટે શુભમ કલિનીક, બી-૧૯, ગોલ્ડકોઈન કોમ્પ્લેક્ષ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## આર.જી. કન્યા શાળા ખાતે વાલી મીટીંગ યોજાઈ

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળામાં પ્રથમ પરીક્ષાના પરિણામ બાબતે વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓ અને વાલીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

ઉપરોકત વાલી મીટીંગમાં વાલીઓને તેમની દિકરીઓએ લખેલ ઉત્તરવહીઓ બતાવવામાં આવી અને વિદ્યાર્થીનીઓ કયા વિષયમાં નબળું પરિણામ મેળવે છે તથા પ્રશ્નપત્રના કયા વિભાગમાં ઓછા માર્કસ આવેલ છે વિદ્યાર્થીનીએ કયાં ભૂલો કરેલ છે. વગેરે બાબતોની ચર્ચા વર્ગ શિક્ષક અને વિષય શિક્ષકો સાથે કરવામાં આવી હતી તથા બાળકોના પરિણામ સુધારવા બાબતે વાલીશ્રીઓ પાસેથી સૂચનો પણ મેળવવામાં આવ્યા હતા જેનો ખુબ જ ઉમદા પ્રતિસાદ શાળાને મળ્યો હતો. ઉપરોકત વાલી મીટીંગમાં માધ્યમિક વિભાગના કુલ ૪૮૫, ઉચ્ચતર માધ્યમિક વિભાગના કુલ ૧૮૨ વાલીઓ હાજર રહ્યા હતા જે વિદ્યાર્થીનીના વિકાસમાં માર્ગદર્શક બની રહેશે. આ અન્વયે શાળાના આચાર્યા બહેનશ્રી સુધાબેને વાલીઓ અને શિક્ષકમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા અને શ્રેષ્ઠતમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીનીઓને પણ શુભેચ્છા પાઠવી હતી.

## ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગર દ્વારા ગાંધીજીવન દર્શન વિષે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

કસ્તુરબા સ્મારકનિધિ ટ્રસ્ટ સંચાલિત સ્ત્રી અધ્યાપન મંદિર પીટીસી કોલેજ કોબા ખાતે આગામી તા.૧૭ ઓક્ટોબરને સોમવારના રોજ સવારે ૧૧ કલાકે ગાંધીમિત્રવર્તુળ, ગાંધીનગરના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી ગાંધી જીવન દર્શન વિશે જાહેર વાર્તાલાપ આપશે. તમામ અભ્યાસુ બહેનોને તેમજ અધ્યાપકોને મહાત્મા ગાંધીજીની સંક્ષીપ્ત આત્મકથા ભેટમાં આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સર્વે ગાંધીજનોને હાજર રહેવા સંસ્થાના મંત્રી સોમાભાઈ.ડી.પરમારે અનુરોધ કર્યો છે.

# શહેરમાં શરદપૂર્ણિમાના ગરબા યોજાશે

**શહેરમાં ઠેર ઠેર સ્વૈચ્છીક, સામાજીક, શૈક્ષણિક તેમજ વિવિધ સમાજો દ્વારા રાસ-ગરબાનું આયોજન**

ગાંધીનગર, તા.૧૪

શરદ પુનમની રાતડી ચાંદની ખીલી છે ભલી ભાતની...ગાંધીનગર શહેરમાં નવરાત્રી પુરી થયે ગણતરીના દિવસો વિત્યા છે. ત્યારે ખૈલેયાઓનો ગરબે ઘુમવાનો ઉમંગ સહેજ પણ ઓછો થયો હોય તેમ લાગતું નથી. શહેરમાં શરદપૂર્ણિમાના અજવાળા હેઠળ ઠેરઠેર ગરબાના આયોજનો કરવામાં આવ્યા છે. જેમાં શહેરમાં કાર્યરત સ્વૈચ્છીક, સામાજીક, શૈક્ષણિક અને વિવિધ સમાજો દ્વારા ભવ્ય રાસ-ગરબાના કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા છે. નગરમાં કેટલાક સ્થળો ઉપર શરદપૂર્ણિમાને લઈ મતમતાંતરને પગલે શનિ અને રવિ એમ બે દિવસ શરદપૂર્ણિમા ઉજવવામાં આવશે. નગરમાં શરદ પુનમની રાતે ડીજે તેમજ સંગીતના સથવારે ખૈલેયાઓ મનમુકીને ગરબાના તાલે ગરબે ઘુમશે. જયારે કેટલાક સ્થળો પર સમાજના ભાઈ બહેનો માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરમાં શરદપુનમના ગરબાથી શહેર ગુંજી ઉઠશે અને ખૈલેયાઓ ઝુમી ઉઠશે.

ગાંધીનગર શહેરમાં શરદપુનમના દિવસે રઢીયાળી રાતે ગરબાના વિશેષ આયોજનો કરવામાં આવે છે. નવરાત્રીના સમય બાદ નગરમાં માત્ર ગણ્યાંગાંઠયા



શરદોત્સવના આયોજન થતા હતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી શરદપુનમના દિવસે વિવિધ સમાજો દ્વારા તેમજ સ્વૈચ્છીક, સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ગરબાનું આયોજન કરાય છે. ત્યારે શરદોત્સવ નિમિતે શહેરના વિવિધ સ્થળો પર ભવ્ય રાસ-ગરબાના કાર્યક્રમના આયોજન કરવામાં આવ્યા છે. જેમાં સેકટર-૧૬ બ્રહ્મભવન ખાતે બ્રહ્મસમાજ દ્વારા સમાજના ભાઈ બહેનો માટે રાત્રે ૮ કલાકે રઢીયાળી રાતનો રાસ ગરબાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે રાજપુત સંસ્કૃતિ ફોરમ દ્વારા સમાજની મહિલાઓ તેમજ બાળકો માટે માટે ક-૭ શિવાલય પાર્ટી પ્લોટ ખાતે રાત્રે ૯ કલાકે શરદપુનમના ગરબા સવિશેષ આયોજન કરાયું છે. જેમાં જાણીતા ગાયક કલાકાર રતનસિંહ વાઘેલાના ગરબાની રમઝટ બોલાવશે. તદ ઉપરાંત શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થાઓ સેન્ટ ઝેવિયર્સ ખાતે ટેક્સા-જી દ્વારા વિદ્યાર્થીઓ માટે સુંદર રાસગરબાનું આયોજન કરાયું છે. જેમાં સંદિપ મહેતા રઢીયાળી રાતે સુંદર ગરબા રજુ કરીને ગરબામાં રંગત જમાવશે. જયારે સેકટર-૨૧ ખાતે આવેલ માઉન્ટ કાર્મેલ શાળા ખાતે પણ શરદોત્સવ નિમિતે શાળાના વિદ્યાર્થીઓ માટે ભવ્ય રાસગરબાના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિદ્યાર્થી ભાઈ બહેનો ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબે ઘુમતા જોવા મળશે. જયારે સ્વામીનારાયણ સેકટર-૨૨ અને ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે વિદ્યાર્થીઓને જાણીતા કલાકાર જયકર ભોજક ગરબાની રંગત જમાવશે. શહેરમાં નવરાત્રી બાદ શરદોત્સવના ગરબાના આયોજનને પગલે શહેરમાં નવરાત્રી જેવો માહોલ જોવા મળશે. જયારે ખૈલેયાઓ મનભરીને ગરબે ઘુમશે. જયારે શરદોત્સવના આયોજનમાં ગરબાની સાથોસાથે દુધ-પૌંવા અને ભોજનપ્રસાદનું પણ આયોજનો કરવામાં આવ્યા છે.

## આજે મધુર પરિવાર દ્વારા શરદોત્સવના ગરબા યોજાશે

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર પરિવાર દ્વારા તા.૧૬ ઓક્ટોબર રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે મધુર ડેરી, ગાંધીનગર ખાતે શરદપૂર્ણિમા નિમિતે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

નવરાત્રીના નવલા નોરતાની ધામ-ધુમથી ઉજવણી બાદ મધુર પરિવાર શરદોત્સવના ગરબાની ઉઝવણી ધામધુમથી કરવા જઈ રહ્યા છે. ત્યારે મધુર પરિવારના સર્વે કર્મચારી મિત્રો તથા તેમના કુટુંબીજનો તથા દુધ મંડળીના કાર્યવાહક મિત્રો આ ગરબાની રમઝટ માણશે. જયારે પરિવારના માળખા નીચે ગરબા મહોત્સવ પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરશે. ગરબા મહોત્સવમાં શ્રેષ્ઠ ખૈલેયાઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આરોગ્ય મંત્રી શંકર ચૌધરી, સહકાર મંત્રી ઈશ્વર ભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તેમજ મધુર પરિવારના સભ્યો સહકુંટુબ ઉપસ્થિત રહેશે તેમ ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. શાંતિબેન ભવાનજી સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. પટેલ લીલાબેન ભગવાનદાસ, ઉ.વ. ૭૧